# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-11-2025** **Evening : 7.10 to 7.20 PM**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મન કી બાત કાર્યક્રમમાં કોમનવેલ્થ ગેમ્સ 2030ની યજમાની ભારતને મળવાને ગૌરવ સમાન ગણાવી.. દિવના ખુંખરી સ્મારકની મુલાકાત લેવા લોકોને અપીલ કરી.
2) ચૂંટણી પંચે મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશની સમયમર્યાદા વધારી.. હવે 11મી ડિસેમ્બર સુધી ગણતરીનો તબક્કો યોજાશે
3) ખાસ મતદાર સુધારણા અભિયાનમાં સુરતના મજૂરા વિધાનસભા વિસ્તારમાં બીએલઓની કામગીરીને બિરદાવતા નાયબ મુખ્યમંત્રી.. બીએલઓએ પણ કામગીરીને દેશ માટે સમર્પણ સમાન ગણાવી
4) વડોદરામાં સરદાર ગાથા સભાને સંબોધતા કલમ- 370 રદ કરી જમ્મુ-કાશ્મીરને ભારતનું અભિન્ન અંગ બનાવવાની પ્રક્રિયાનો ભાગ હોવાનું સૌભાગ્ય ગણાવતા પૂર્વ ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુ
5) રાજ્યમાં ખેડૂતો માટે ખાતરનો જથ્થો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ

---------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મન કી બાતની 128મી કડીમાં કોમનવેલ્થ ગેમ્સનું આયોજન ભારતને મળ્યું હોવાની બાબતને ગર્વ સમાન ગણાવી હતી.. તેમણે કહ્યું હતુંકે ભારતના ખેલાડીઓ રમતગમતમાં પણ વિશ્વમાં ડંકો વગાડી રહ્યાં છે.. તાજેતરમા જ 2030ની કોમનવેલ્થ ગેમ્સની યજમાની અમદાવાદને મળી છે.

(બાઇટ - કોમનવેલ્થ ગેમ્સ પર પીએમ મોદી)

મન કી બાતમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોમનાથ પાસે આવેલા દીવમાં આઈએનએસ ખુખરીને સમર્પિત ખુખરી સ્મારક અને સંગ્રહાલયની મુલાકાત લેવા લોકોને અપીલ કરી હતી.

(બાઈટ -- આઇએનએસ ખુખરી)

શ્રી મોદીએ ગુજરાતના ઇતિહાસની વાત વર્ણવતા કહ્યું કે બીજા વિશ્વ યુદ્ધ દરમ્યાન નવાનગરના જામસાહેબ મહારાજા દિગ્વિજયસિંહજીએ હજારો યહુદી બાળકોને બચાવી તેમણે શરણ આપ્યુ હતું

(બાઇટ - PM ON JAMSAHEB)

આ ઉપરાં તેમણે કહ્યું છે કે લીપ એન્જિન MRO સુવિધા, INS માહે અને સ્કાયરૂટનું ઇન્ફિનિટી કેમ્પસ ભારતની નવી વિચારસરણી , નવીનતા અને યુવા શક્તિને પ્રતિબિંબિત કરે છે. છેલ્લા 10 વર્ષમાં ભારતના ખાદ્યાન્ન ઉત્પાદનમાં 100 મિલિયન ટનનો વધારો થયો હોવાનો પણ તેમણે મન કી બાતમાં ઉલ્લેખ કર્યો હતો.

. . . . . . . . . . . . .

# SIR-REVISED SCHEDULE

ભારતના ચૂંટણી પંચે ગુજરાત સહિત 12 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશની સમયમર્યાદામાં વધારી છે. જે અનુસાર ગણતરીનો તબક્કો 11 ડિસેમ્બર સુધી ચાલશે જ્યારે 16 ડિસેમ્બરે, ડ્રાફ્ટ મતદારયાદી પ્રસિદ્ધ કરવામાં આવશે. તદુપરાંત તારીખ 16.12.2025થી 07.02.2026 દરમિયાન વાંધા અરજી અને સુનાવણીની પ્રક્રિયા ચાલશે. જ્યારે 14.02.2026 ના રોજ આખરી મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે.

. . . . . . . . . . . . .

# DY CM BLO VISIT

રાજ્યમાં ખાસ મતદાર સુધારણા અભિયાન ચાલી રહ્યું છે. જે અંતર્ગત તમામ વિધાનસભા વિસ્તારમાં આ કામગીરી બીએલઓ દ્વારા કરવામાં આવી રહી છે.. આજે સુરતના મજૂરા વિધાનસભા વિસ્તારમાં એસઆઇઆર અભિયાન હેઠળ ચાલતી કામગીરીના સ્થળની નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ મુલાકાત લઇને બીએલઓ સાથે વ્યક્તિગત મુલાકાત કરી તેમને આભાર માન્યો હતો.

(બાઇટ- હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી)

આ કામગીરી કરનારા બીએલઓએ પણ હર્ષ સંઘવીની આ મુલાકાતને પ્રાત્સાહક ગણાવી હતી.

(બાઇટ - મહિલા બીએલઓ)

પોતાના પરિવારમાં શુભ પ્રસંગોને પણ જતો કરીને આ બીએલઓ સતત કામગીરી કરી રહ્યાં છે તેમની કામગીરીને બિરદાવીને હર્ષ સંઘવીએ આ કામગીરી કરનારાઓનો પ્રોત્સાહિત કર્યા હતા.

. . . . . . . . . . . . .

# SARDAR GATHA FORMER VP

રાજ્યસભામાંથી કલમ-370 દૂર કરવાની સંપૂર્ણ પ્રક્રિયામાં જમ્મુ-કાશ્મીરને ભારતનું અભિન્ન અંગ બનાવવાની પ્રક્રિયામાં ભાગીદાર હોવાની વાતનો ગર્વ હોવાનું ઉલ્લેખ ભૂતપૂર્વ ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુએ વડોદરા ખાતે કર્યો હતો.

સરદાર@150 રાષ્ટ્રીય પદયાત્રાના પાંચમા દિવસે વડોદરાના જાંબુવા સ્થિત આઈડિયલ સ્કૂલ ખાતે પૂર્વ ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુના અધ્યક્ષસ્થાને યોજાયેલી સરદાર ગાથા સભાના સંબોધન કરતાં તેમણે આ પ્રમાણે કહ્યું હતું.

વડોદરાવાસીઓ સરદાર સાહેબના જીવન-કવનને જાણે અને માણે તે માટે આયોજીત આ સરદાર સભામાં કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા , કેન્દ્રીય રાજ્યમંત્રી સંજય શેઠ , ગુજરાત સરકારના મંત્રી ડૉક્ટર પ્રદ્યુમન વાજા , સાંસદ ડો. હેમાંગ જોષી, મેયર પિન્કી સોની સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# CRICKET

રાંચી ખાતે રમાઇ રહેલી ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચેની પહેલી વન-ડેમાં છેલ્લા અહેવાલ મળ્યાં ત્યારે ભારતે જીત માટે આપેલા 350 રનના લક્ષ્યાંક સામે  દક્ષિણ આફ્રિકાએ 16 ઓવરમાં 4 વિકેટે 86 રન કર્યા છે.. વિરાટ કોહલીની આક્રમક સદી અને રોહિત શર્માની આક્રમક અર્ધી સદીની મદદથી ભારતે નિર્ધારિત પચાસ ઓવરમાં આઠ વિકેટે 349 રન કર્યા હતા.

અગાઉ પ્રવાસી ટીમે ટોસ જીતીને ભારતને પ્રથમ બેટિંગ સોંપી હતી.

. . . . . . . . . . . . .

# MORBI KHATMUHURUT

શ્રમ અને રોજગાર રાજ્યમંત્રી કાંતિલાલ અમૃતિયાએ મોરબીના નાની બરાર ગામે 7 કરોડથી વધુના સિંચાઈના વિકાસ કામોના ખાતમુહૂર્ત કર્યું. આ સિંચાઇ યોજનાઓના નિર્માણથી બારસો હેક્ટરથી વધુ વિસ્તારને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સિંચાઈનો લાભ મળશે. શ્રી અમૃતિયાએ જણાવ્યુ કે આ સવલત થકી માળિયા વિસ્તારનું કૃષિ ક્ષેત્ર ઊજળું બનશે.

(બાઈટ - કાંતિ અમૃતિયા, મંત્રી)

. . . . . . . . . . . . .

# SNAKE RESEARCH INSTITUTE - MINISTERS VISIT

રાજયના વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયા અને આદિજાતિ વિકાસ મંત્રી નરેશ પટેલે આજે ધરમપુરના માલનપાડા સ્થિત સર્પ સંશોધન સંસ્થાની મુલાકાત લીધી.બંને મંત્રીઓએ સાપના ઝેરમાંથી વૈજ્ઞાનિક પ્રક્રિયા કરી બનાવાતા વેનમ વિશે વિસ્તૃત જાણકારી મેળવી હતી.સંસ્થાના અધિકારીઓએ સર્પ દંશના દર્દીઓની સારવાર અંગે રાજ્યભરમાં અપાતી તાલીમ સહિતની કામગીરીથી મંત્રીઓને વાકેફ કર્યા હતા .શ્રી મોઢવાડિયાએ આ સંસ્થા દેશની શ્રેષ્ઠ સર્પ સંશોધન સંસ્થા બને તે દિશામાં કામગીરી કરવા માર્ગદર્શન આપ્યું હતું.

. . . . . . . . . . . . .

# FERTILIZER STOCK

રાજ્ય સરકાર દ્વારા રાજ્યના ખેડૂતોને સમયસર પૂરતું ખાતર મળી રહે તેવું આયોજન કરાયું છે. હાલમાં રાજ્યમાં  કુલ ૨.૦૮ લાખ મેટ્રિક ટનથી વધુ યુરીયાનો અને ૪૯ હજાર મેટ્રિક ટનથી વધુ ડી.એ.પી ખાતરનો જથ્થો ખેડૂતો માટે ઉપલબ્ધ છે. છેલ્લા ત્રણ દિવસમાં રાજ્યમાં આશરે ૧૨ હજાર ૫૦૦ મેટ્રિક ટન યુરીયા ખાતર રેલવે રેકના માધ્યમથી વિવિધ જિલ્લામાં પહોંચ્યો છે. આગામી અઠવાડિયામાં અંદાજે ૨૨ હજાર મેટ્રિક ટન યુરિયા ખાતર જીલ્લા કેન્દ્રો સુધી પહોંચાડાશે. ખેડૂતોને જરૂરીયાત મુજબ જ ખાતર ખરીદવા ખેતી નિયામકની કચેરી દ્વારા અનુરોધ કરાયો છે.

. . . . . . . . . . . . .

# BAGAYAT – IKHEDUT

રાજ્યના બાગાયતદાર ખેડૂતો ચાલુ નાણાકીય વર્ષ માટે બાગાયત ખાતાની વિવિધ યોજનાઓ માટે આઈ ખેડૂત પોર્ટલ પર ઓનલાઇન અરજી કરી શકશે.બાગાયત ખાતાની વિવિધ યોજનાઓ પૈકી કેટલીક યોજનાઓ માટે ઓનલાઈન અરજીઓ સ્વીકારવામાં આવી રહી છે.જ્યારે કૃષિ યાંત્રીકિકરણમાં પ્રોત્સાહન યોજના માટે આવતીકાલથી ઓનલાઇન અરજી કરી શકાશે તેમ નાયબ બાગાયત નિયામકની કચેરીની યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . . . .

# KARTIKI PURNIMA MELO

સોમનાથ મહાદેવના સાનિધ્યમાં ચાલી રહેલા કાર્તિકી પૂર્ણિમાના મેળોમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી રહ્યા છે. આજે ચોથા દિવસે સાંજે લોકસંગીતના કાર્યક્રમનું આયોજન કરાયું છે.દરમ્યાન ગઇકાલે ત્રીજા દિવસે અઢી લાખથી વધુ મુલાકાતીઓ મેળો માણવા ઉમટી પડ્યા હતા.

. . . . . . . . . . . . .

# NIMUBEN- HATHAB BEACH

કેન્દ્રીય રાજ્ય મંત્રી નિમુબેન બાંભણિયાની ઉપસ્થિતમાં આજે ભાવનગર હાથબ બીચ ખાતે પ્લાસ્ટિક મુક્ત બીચના સંકલ્પ સાથે સફાઈ અભિયાન હાથ ધરાયુ. બીચ પરથી પ્લાસ્ટિક અને અન્ય ઘન કચરો એકત્રિત કરવામાં આવ્યો હતો. આ તકે ઉપસ્થિત સૌ લોકોએ દરિયા કિનારા તેમજ પર્યાવરણની જાળવણી અને સ્વચ્છતા રાખવા માટેના શપથગ્રહણ કર્યાં હતા.

. . . . . . . . . . . . .